# કોરોના બેકાબુ : સાબરકાંઠા, અરવલ્લીમાં ૨૦ ધન્વંતરી રથ દોડતા થયા

## કોરોનાનો કેસ મળે તો હોમ આઈસોલેશન, હોસ્પિટલમાં દાખલ કરવા સૂચના : કોરોના સર્વે, રસીકરણની જવાબદારી આશા બહેનોના માથે થોપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં થોડાક સમય માટે કોરોનાની મહામારી અંકુશમાં આવ્યા પછી ફરીથી ફુંફાડો માર્યો છે. દરરોજ નવા પોઝિટિવ કેસો નોંધાઈ રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા સંક્રમણને કાબુમાં લેવા માટે ક્વાયત શરૂ કરવામાં આવી છે. બંન્ને જિલ્લામાં ૨૦ થી વધુ ધન્વંતરી રથ ફરીથી દોડતા કરાયા છે. જ્યારે આશા વર્કરોને પણ તેમના વિસ્તારોમાં કોરોનાનો સર્વે કરી ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા દર્દીઓને રસીકરણ માટે કેન્દ્રો સુધી લાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પછી કોરોનાની નવી લહેર શરૂ થતાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોના દર્દી નોંધાય તો હોમ આઈસોલેશન અથવા તો હોસ્પિટલમાં દાખલ કરવાની સૂચના આપવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાના વધતા કેસોને ધ્યાનમાં લઈ



થોભાવી દેવામાં આવેલા ધન્વંતરી રથોને ફરીથી ફરતા કરાયા છે. તેમાંય કોઈ કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતો દર્દી મળે તો તેના માટે એન્ટીજન ટેસ્ટ માટેની રેપિડ ટેસ્ટ કીટ પણ રથમાં રાખવામાં આવી છે. રથના ભ્રમણ દરમ્યાન કોઈ દર્દી પોઝિટિવ જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસર પાસે તેનો રિપોર્ટ કરાવવા માટે આદેશ કરાયો છે.

દર્દીમાં સંક્રમણના લક્ષણો સામાન્ય જણાય તો હોમ આઈસોલેશન કરવા પણ તાકીદ કરવામાં આવી છે. જિલ્લામાં હમણાં સુધી ૨૦ થી વધુ ધન્વંતરી રથોની કામગીરી અટકાવી દેવામાં આવી હતી પરંતુ બંન્ને જિલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં નવો ઉછાળો આવ્યો છે જેથી આરોગ્ય વિભાગે ફરીથી રથ દોડતા કર્યા છે. આ ઉપરાંત આશા વર્કરોને સર્વેની જવાબદારી સોંપી કોરોના રસીકરણ માટે વધુ ભાર મૂકવા ઉપર કહેવામાં આવ્યું છે.

# બાયડ જાગાનું તળાવ ગંદકીથી ખદબદવા લાગ્યું

## બ્યુટીફીકેશનના નામે લાખોનો ખર્ચ પાણીમાં : ભાજપના સત્તાધિશોએ યોગ્ય આયોજન કરવું જરૂરી, ગંદકીના ઉપદ્રવો શોધી દૂર કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડની એક આગવી ઓળખ ધરાવતા જાગાનું તળાવ સત્તાધિશોની ઉપેક્ષાના કારણે જિલ્લાનું સૌથી વધુ ગંદકીથી ખદબદતું તળાવ બની ગયું છે. બાન, શાન હોવાનું ગૌરવ ફરીથી પ્રસ્થાપિત કરવું પડશે. જાગાના તળાવમાં ગંદકી કોણ ઠાલવે છે તે શોધી કાયમી સડો દૂર કરવા હિંમત ભર્યું પગલું ભરવાની પણ તૈયારી દાખવવી પડશે. રાફડો ફાટ્યો જેના કારણે જાગાનું તળાવ દિવસે..દિવસે કદરૂપુ બન્યું અને છેલ્લે એવો સમય આવ્યો કે તેના ગંદા પાણીનો નિકાલ પણ અટકી ગયો. પાલિકાના અગાઉના સાબિત થયા. બ્યુટીફીકેશનના નામે થોડું ઘણું કામ કર્યું પરંતુ તે માત્ર દેખાડો હતો. અત્યારે તો કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ સ્વચ્છતા અભિયાનને પ્રાધાન્ય આપી રહી છે ત્યારે બાયડનું જાગાનું તળાવ સૌથી

આ સંજોગોમાં જાગાના તળાવને દરેક રીતે વિકસિત કરી આસપાસ વોકીંગ ટ્રેક, બગીચા સહિતની સવલત ઉભી કરવામાં આવે તો બાયડના સિનિયર સિટીઝનો માટે એક આકર્ષણનું





પાછલા ૧૦ વર્ષથી જાગાના તળાવના બ્યુટીફીકેશનના સ્વપ્ના દેખાડી બાયડની પ્રજા અને વેપારીઓને છેતરવામાં સત્તાધિશોએ પાછી પાની કરી નથી. સત્તામાં આવેલા ભાજપના સત્તાધિશોએ જાગાના તળાવની ગંદકી દૂર કરી તેને બાયડની આન,

બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલું જાગાનું તળાવ દાયકાઓ અગાઉ મૂંગા પશુઓની તરસ છીપાવતું હતું. આસપાસના બોરકૂવા પણ તળાવમાં પાણી ભરાય એટલે રીચાર્જ થતા હતા પરંતુ મત બેન્કની લ્હાયમાં દબાણોનો સત્તાધિશોએ જાગાના તળાવનું બ્યુટીફીકેશન કરવાની સાથે અમદાવાદના કાંકરીયાની જેમ નગરજનો પોતાના નાના બાળકો સાથે હરવા ફરવા માટે આવે, હોડકાં દોડશે તેવા દિવા સ્વપ્નો બતાવ્યા પરંતુ તે સ્વપ્નો પૂરા કરવા માટે બધી રીતે અસમર્થ વધુ ગંદકીથી ખદબદતું અરવલ્લીનું પ્રથમ હરોળનું તળાવ બની ગયું છે. તાજેતરમાં યોજાયેલી બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની સંપૂર્ણ બહુમતી આવી છે એટલે વિકાસના કામોમાં કોઈ રોળાં નાખે તેવી સંભાવના બહુ ઓછી છે.


સથળ બની શકે છે. જે રીતે તળાવમાં ગંદકીનો વ્યાપ વધ્યો છે તેના કારણે સાંજ ઢળતાં જ દુર્ગંધ આસપાસમાં આવેલી સોસાયટીઓમાં પ્રસરે છે જેના કારણે કારમા ઉનાળામાં બહાર સૂતા લોકો માટે શુદ્ધ હવા લેવી પણ મુશ્કેલ બની છે.

# વિશ્વ ચકલી દિવસ : જિલ્લામાં ચકલી બચાવો અભિયાન રંગ લાવ્યું

## ખોવાયેલી ચકલીની ચીંચીં ફરી સંભળાતી થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

તા.૨૦ માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસની





ઉજવણી થઈ. વિકાસની આંધળી દોટમાં સિમેન્ટ-કાંક્રીટના જંગલો ઉભા થતાં ચકલીનું રહેઠાણ છીનવાયું છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પાછલા ૨-૩ વર્ષથી ચકલી બચાવો અભિયાન રંગ લાવ્યું છે. એક સમયે ખોવાયેલી ચકલીની ચીંચીં ફરીથી સંભળાતી થતાં પક્ષી પ્રેમીઓમાં ખુશી વ્યાપી છે. ચકલી માટે માળો બાંધવાની ક્યાંય જગ્યા જ બચી ન હતી જેથી ચકલીના અસ્તિત્વ સામે એક તબક્કે જોખમ ઉભું થયું હતું પરંતુ જિલ્લામાં ચકલીના માળાનું વિતરણ કરવાની સાથે માણસ પાસે રહેવા ટેવાયેલી ચકલીઓ ઘરમાં આવતી થાય તેવા પ્રયાસો રંગ લાવ્યા છે.



લુપ્ત થતી ચકલીઓના અસ્તિત્વને બચાવવું જરૂરી બન્યું છે. હવાનું પ્રદૂષણ, ઘોંઘાટ અને શહેરીકરણના લીધે ચકલીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થતાં ચકલી બચાવો અભિયાન શરૂ કરવાની ફરજ પડી છે. દર વર્ષે ૨૦મી માર્ચે વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે. અગાઉ માટીના કાચા મકાનોમાં ફોટાની પાછળ કે ગોખલાઓમાં ચકલીઓ માળો બાંધતી અને ચીંચીં કરતી જોવા મળતી હતી પરંતુ સિમેન્ટના આવાસોમાં માળો બાંધવા માટે કોઈ સ્થાન રહ્યું ન હતું. જેથી ચકલીઓ એક તબક્કે અદ્રશ્ય થવા લાગી હતી પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એન.જી.ઓ. સંસ્થાઓ, જીવદયા પ્રેમીઓ દ્વારા ઘેર..ઘેર ચકલીના માળાનું વિતરણ કરવાની સાથે ચકલી માટે અનુકુળ વાતાવરણ ઉભું થતાં હમણાંથી ચકલીઓની સંખ્યામાં વધારો દેખાઈ રહ્યો છે. શહેરીકરણની આંધળી દોટ તેમજ મોબાઈલ ટાવરના તરંગોના કારણે નામશેષ થતાં જિલ્લાના કવિઓએ પણ ચકલીની વેદનાને વાચા આપવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે જેમાં મોડાસાના શિક્ષક અને જાણીતા કવિ ચંદ્રકાન્ત જે. સોનીની એક અછંદાંસ કાવ્ય રચના..

અવકાશ યાનમાં ચંદ્ર પર જતા અવકાશ યાત્રીને એક ચકલીએ ધ્રૂજતાં ધ્રૂજતાં કાનમાં કહ્યું, મારા માટે પણ થોડી જગા જોતા આવજો માળો બાંધવાની..!!

ટૂંકમાં ચકા-ચકીનો અવાજ અભિયાનથી ફરીથી સાંભળવા મળતો થયો છે ત્યારે ચકલીઓ ઘરમાં આવતી થાય અને માળા બનાવી ઈંડાં મૂકતી થાય તેમજ નવા બચ્ચાને જન્મ આપે તેવું વાતાવરણ આજ પ્રકારે ઉભું થતું રહ્યું તો ચકલી દિવસની ઉજવણી સાચા અર્થમાં સાર્થક થઈ શકે છે.

### બાયડના પ્રા. શિક્ષકનું ચકલી બચાવો અભિયાન રંગ લાવ્યું ૩૦૦૦ માળાનું વિતરણ

બાયડ : પ્રા.શિક્ષક સમાજમાં સુધારો લાવી શકે છે. વિદ્યાર્થીઓમાં ઉત્તમ ચારીત્ર્યનું રોપણ કરી શકે છે. એથીય આગળ વધી પ્રા. શિક્ષક ધારે તો પશુ-પંખી બચાવવાના અભિયાનને પણ સાર્થક કરી દેખાડે છે. બાયડ તાલુકાની પાલડી પ્રા. શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ એન. સોનીએ બાયડ તાલુકામાં ચકલી બચાવ અભિયાન છેલ્લા ૭ વર્ષથી શરૂ કર્યું છે. પાકા ધાબાવાળા મકાનના માલિકોને ત્યાં પહોંચી ઘેર..ઘેર ચકલીના માળાનું વિતરણ કરે છે. ઉનાળો આવે એટલે પાણીનાં કુંડાંનું પણ મફત વિતરણ કરવામાં આવે છે અને પ્રા.શિક્ષકની ચકલી બચાવો અભિયાન રંગ લાવતાં બાયડ સહિતના અનેક વિસ્તારોના ઘરમાં મૂકવામાં આવેલા ચકલીના માળામાં ચકલીઓનું આગમન જોઈ પરિવારો પણ ખુશ થતા જોવા મળ્યા છે.

# આજે ૨૧ માર્ચ : ઉત્તર ગુજરાતમાં દિવસ - રાત એક સરખા

## મહાભારતના યુદ્ધ સમયે આ દિવસે ઉત્તરાયણ શરૂ થઈ હતી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

અનેક ખગોળીય ઘટનાઓ આજે પણ રહસ્ય બનેલી છે. આજે રવિવાર તા.૨૧ માર્ચ જેને વસંત સંપાત તરીકે પણ ઓળખાય છે. દેશ સહિત ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં દિવસ-રાત એક સરખા હોવાનો અનુભવ થશે. ૧૨ કલાકનો દિવસ અને ૧૨ કલાકની રાત્રિનો પ્રજા અનુભવ કરશે. આજે સૂર્ય બરાબર પૂર્વ દિશામાં ઉદય પામશે અને પશ્ચિમ દિશામાં અસ્ત થશે. મહાભારતના યુદ્ધ સમયે આ દિવસે ઉત્તરાયણ શરૂ થઈ હતી એટલે સૂર્યનો ઉત્તર ગોળાર્ધમાં પ્રવેશ.

જાણવા મળ્યા મુજબ વસંત સંપાતનો દિવસ એટલે તા.૨૧ માર્ચ. જેમાં સૂર્ય ધીરે ધીરે ઉત્તર તરફના બિંદુએ ઉદય પામે છે. ૩ મહિના પછી તે ૨૩.૫ અંશ વિષુવવૃત્તના અક્ષાંશ પર આવશે અને વસંતપાત બિંદુથી ૨૩.૫ અંશ પૂર્વથી ઉત્તર તરફ હોય છે. ખગોળીય વિષુવવૃત્ત હકીકતમાં પૃથ્વીના વિષુવવૃત્તનું આકાશમાં પ્રક્ષેપણ છે. ખગોળ વિદોના જણાવ્યા અનુસાર પૃથ્વી પરના બધા જ અક્ષાંશવૃત્તો આકાશમાં ખગોળીય ઉત્તર અને દક્ષિણ ગોળાર્ધ પર પ્રક્ષેપણો છે. જે ખગોળીય ગોળા સંદર્ભ ચોગઠું બનાવે છે. પૃથ્વીની ઝૂકેલી ધરી પૃથ્વી પર શિયાળુ, ઉનાળુ અને ચોમાસુ ઋતુઓ ઉત્પન્ન કરે છે. પૃથ્વીની ઝૂકેલી ધરીના કારણે ધ્રૂવ પ્રવેશો ઉપર ૬ મહિનાનો દિવસ અને ૬ મહિનાની રાત હોય છે. ટૂંકમાં આજે ઉત્તર ગુજરાતની પ્રજા દિવસ-રાત એક સરખાનો અનુભવ કરશે.

# કોરોનામાં વાહનચાલકોને ડામ : હિંમતનગર બસ મથકમાં દ્વિ-ચક્રી વાહન પાર્ક કરવાના ચાર્જમાં વધારો

## પાર્કીંગ ચાર્જ ૧૫ થી વધારીને ૨૫ કરાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

હિંમતનગર બસ મથકમાં દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા માટે પાર્કીંગ ચાર્જમાં રૂા.૧૦નો વધારો કરી રૂા.૨૫ કરાતાં વાહન ચાલકોમાં રોષ વ્યાપ્યો છે. કોરોનાના કપરા કાળમાં રાહત થાય તેવા નિર્ણય લેવાના હોય પરંતુ અહીંયાં તો પાર્કીંગ ચાર્જ વધારી વાહન ચાલકોનાં ખિસ્સાં હળવાં કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. બસ મથકમાં સફાઈના નામે ધુપ્પલ ચાલી રહ્યું છે. કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય સ્ટાફ નિયુક્ત કરવાના બદલે માત્ર અખાડા કરી રહ્યો છે છતાં એસ.ટી.ના જવાબદારોનું તળીયા થી ટોચ સુધી સેટીંગ હોવાથી બધું જ નજર અંદાજ કરાઈ રહ્યું છે.

સાબરકાંઠાના પાટનગર હિંમતનગરમાં એસ.ટી. બસ મથકમાં પાર્કીંગની સુવિધા ઉભી કરવામાં આવી હોવાથી અસંખ્ય દ્વિ-ચક્રી વાહન ચાલકો નિયત કરેલા પાર્કીંગ સ્થળે વાહન મૂકી ફરજ ઉપર જતા હોય છે. બસ મથકોમાં વાહનો ચોરાઈ જવાની ઘટનાઓ કાયમી બની ગઈ હોવાથી ખરીદી અર્થે આવતા ગામડાના ટુ-વ્હીલર ચાલકો પણ હિંમતનગર ડેપોના પાર્કીંગ સ્થળે વાહન થોભાવતા હોય છે જેમાં એજન્સી દ્વારા હમણાં સુધી ટુ-વ્હીલર વાહન પાર્ક કરવાનો ચાર્જ રૂા.૧૫ વસુલવામાં આવતો હતો પરંતુ મનમાની રીતે રૂા.૧૦નો વધારો કરી દેવામાં આવતાં કાયમી ટુ-વ્હીલર પાર્ક કરનારા નોકરીયાત વર્ગમાં આક્રોશ ફેલાયો છે. પાર્કીંગ એજન્સીએ કોઈપણ પ્રકારની આગોતરી જાણ વગર ચાર્જમાં વધારો ઝીંકી દીધો છે જેના કારણે અસંખ્ય દ્વિ-ચક્રી વાહન ચાલકો સમસમી ઉઠ્યા છે.

# મોડાસા ખેતી બેન્કમાં જિલ્લા પ્રતિનિધિ તરીકે યશવંત પટેલની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ગુજરાત રાજ્ય ખેતી બેન્ક-અમદાવાદની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે તે અગાઉ દરેક



જિલ્લામાં ખેતી બેન્કના પ્રતિનિધિઓની ચૂંટણીઓ શરૂ થઈ છે. મોડાસા-ધનસુરા તાલુકાની મોડાસા ખાતે આવેલ સંયુક્ત ખેતી બેન્કની ચૂંટણી જાહેર થઈ હતી જેમાં જિલ્લા પ્રતિનિધિ તરીકે મોડાસા તાલુકાના સાયરા ગામના યશવંતભાઈ પટેલની બિનહરીફ વરણી થતાં ભાજપના સહકારી આગેવાનોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# જુઠ બોલે કૌઆ કાટે : અરવલ્લીમાં એક વર્ષમાં ૯૦૦ વ્યક્તિઓને કોરોના

## ૬ એપ્રિલ-૨૦૨૦ એ જિલ્લામાં પ્રથમ કેસ નોંધાયો, મોતના આંકડા પણ છૂપાવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેરથી આરોગ્ય તંત્ર ઉંધા માથે પટકાયું છે. ૧ વર્ષમાં કોરોનાનો આંકડો ૯૦૦ની સંખ્યાને પાર કરી ગયો છે. જિલ્લામાં વૈશ્વિક મહામારી કોરોનાનો ૧૬ એપ્રિલ-૨૦૨૦ના રોજ પ્રથમ કેસ નોંધાયો હતો. આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાનું સંક્રમણ રોકવાના શરૂઆતથી ઉધામા છતાં આજદિન સુધી કોરોનાનું સંક્રમણ અટકવાનું નામ લેતું નથી. વર્ષ દરમ્યાન ૬૧૧ પુરૂષ અને ૨૯૬ મહિલાઓ કોરોનાથી સંક્રમિત થયાની વિગતો સામે આવી છે. પરંતુ સાચી હકીકત તો એ છે કે જિલ્લામાં ૩૦૦૦થી વધુ વ્યક્તિઓને કોરોના થયો હતો અને ૭૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. પરંતુ તંત્ર હજુ પણ કોરોના સંક્રમિત માત્ર ૨૧ લોકોના મોતને પુષ્ટી આપે છે.

જિલ્લામાં કોરોના કાળ દરમ્યાન સંક્રમણનો ભોગ બનેલા હૃદય રોગ, ડાયાબીટીશ, કેન્સર જેવા રોગથી પીડાતા લોકોના મોતને સરકારી ચોપડે ગણવામાં આવતા ન હોવાથી છેલ્લા ૧ વર્ષમાં કોરોનાથી પીડીત મૃત્યુનો આંકડો સાચો આજદિન સુધી બહાર આવી શક્યો નથી. કોવિડ-૧૯ ની ગાઈડલાઈન સાથે પ્રજાએ લૉકડાઉનનો કપરો કાળ પસાર કરી નાખ્યો. અસંખ્ય ધંધા-રોજગારો કોરોનાના કારણે તહસ નહસ થઈ જવાની સાથે અસંખ્ય પરિવારો પરિવારોનું જીવન દોઝખ ભર્યું બની ગયું છે. માંડ થોડાક દિવસો માટે કોરોના સંક્રમણ ઉપર અંકુશ આવ્યા પછી ફરીથી કોરોનાની નવી લહેર સૌ કોઈ માટે ચિંતાનો વિષય બની છે. જિલ્લામાં વર્ષ-૨૦૨૦માં સંક્રમણ રોકવાના અથાગ પ્રયાસો છતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કેસનો રાફડો ફાટ્યો હતો જેમાં મહિલાઓ કરતાં પુરૂષો કોરોનાથી વધુ સંક્રમિત થતાં કોવિડ હોસ્પિટલોમાં ખાટલા ખૂટી પડે તેવી સ્થિતિ એક તબક્કે ઉભી થઈ હતી. જેમાં વર્ષ દરમ્યાન આરોગ્ય વિભાગના હેલ્થવર્કર અને ફ્રન્ટલાઈન વોરિયર્સે કોરોના સામે જીવના જોખમે ફરજ બજાવી હતી. સરકારે પણ તમામ તાકાત કામે લગાડી હતી પરંતુ કોરોનાએ આજદિન સુધી સંપૂર્ણ વિદાય લીધી નથી જેથી હવે પ્રજાએ કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવાની સજા ભોગવવાનો વારો આવ્યો છે. તેમાંય તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને જાહેર તહેવારોએ કોરોના સંક્રમણને ફરીથી બમણા વેગથી ફેલાવ્યું છે.

### કોરોના દુરોગામી અસર : ઉત્તર ગુજરાતના ૨ લાખથી વધુ લોકો ગરીબીના ખપ્પરમાં હોમાયા

કોરોનાના આગમનને ૧ વર્ષનો સમય પસાર થઈ ગયો. કોરોનાની અનેકાનેક દુરોગામી અસરો સામે આવી રહી છે. કોરોનાએ ઉત્તર ગુજરાતના અનેક મધ્યમ વર્ગીય લોકોને ગરીબીના ખપ્પરમાં ધકેલી દીધા છે. સરકાર દ્વારા કોરોનામાં પાયમાલ થયેલા નાના ધંધાર્થીઓને પગભર કરવા આત્મનિર્ભર યોજના અમલી બનાવી પરંતુ ક્યાંક બેન્કોની અવળચંડાઈ તો ક્યાંક લાગવગશાહીના કારણે અનેક જરૂરીયાતમંદોને લાભ મળી શક્યો નથી. કોરોનાના કારણે નાના-મોટા અસંખ્ય ધંધાઓનો વિંટો વળી ગયો છે અને બેકાર બની ગયેલા ધંધાર્થીઓ છૂટક અને મહિનાના વેતન ઉપર નોકરી કરવા મજબૂર બન્યા છે.

તાજેતરમાં જ પ્યુરીસર્ચ સેન્ટરનો રિપોર્ટ જાહેર થયો છે જેમાં ૩૦ વર્ષ પછી ભારત દેશમાં મધ્યમ વર્ગના લોકો વધુ ગરીબ બન્યાનો અહેવાલ છે. કોરોના મહામારી અને લૉકડાઉનથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં ભારતનો સમાવેશ કર્યો છે. ત્યારે ઉત્તર ગુજરાત પણ કોરોના મહામારીના કારણે કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે.



કોરોના વિદાય થવાની વાતો વચ્ચે ફરી એકવાર છેલ્લા એક પખવાડીયાથી ઉત્તર ગુજરાતમાં કોરોનાના કેસમાં ઉછાળાએ પ્રજા સહિત વેપારીઓની ઉંઘ હરામ કરી દીધી છે. શૈક્ષણિક સંકુલો, સરકારી કચેરીઓ, જેલ સહિતના વિસ્તારોમાં કોરોનાના પગ પેસારા પછી પણ સ્થાનિક સ્વરાજયના ચૂંટણી જંગમાં લાપરવાહી દાખવતાં ગુજરાત અને તેના તમામ જિલ્લાઓ કોરોનાની ભયંકર ઝાપટમાં આવી ગયા છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોનાની પાછલા ૧ વર્ષ થી અત્યાર સુધીમાં અનેક દુરોગામી અસર જોવા મળી છે. લારી અને પાથરણાં ઉપર પોતાનું જીવન નિર્વાહ કરતા અનેક નાના ધંધાર્થીઓએ રોજગારી ગુમાવતાં ધંધાનો વિંટો વળ્યો છે. પાછલા ૧ વર્ષમાં જ ૩૦ થી વધુ મેડીકલ સ્ટોર્સનાં શટર પડ્યાં છે. કેટરર્સના ધંધા પણ પડી ભાંગ્યા છે. ટ્રાવેલ્સના ધંધાર્થીઓ ફરીથી ઉભા થશે કે કેમ..?? તે કહેવું પણ મુશ્કેલ છે. સીઝનેબલ ધંધા કરનારાઓની પણ કેડ ભાંગી ગઈ છે. એક રીતે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૪૭ તાલુકાઓમાં કોરોના મહામારી અને લૉકડાઉનના કારણે ૨ લાખ લોકો ગરીબીના ખપ્પરમાં હોમાયા છે.